મહત્તમ : ૩૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૩.૬ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૧ ટકા

ગાંધીનગર તાપમાન

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લોકડાઉન આપવાની જરૂર જ નથી... લોકો ડાઉન જ છે...!!

# ગભરાટના માહોલ વચ્ચે આધ્યાત્મિક બળ ઉભુ કરવાના પ્રયાસો

**કોરનાના સતત વધી રહેલા કેસો વચ્ચે શહેરમાં ખુબ ગભરાટનો માહોલ સર્જાયો છે : ડર અને ગભરાટના માહોલ વચ્ચે ઠેર ઠેર પ્રાર્થનાઓનો દોર શરૂ થયો**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં કોરોનાના કારણે ગંભીર સ્થિતિનું નિર્માણ થયુ છે. પોઝીટીવ દર્દીઓ સતત વધી રહ્યા છે તો સાથોસાથ મૃત્યુઆંક પણ ખુબ ઉંચો છે. આવા કપરા સમયે આધ્યાત્મિક બળ ઉભુ કરવાના પ્રયાસો પ્રાર્થનાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

અમદાવાદને સાવ અડીને આવેલા ગાંધીનગર શહેરમાં પણ કોરોનાનો તરખાટ જોવા મળી રહ્યો છે. દરરોજ સંખ્યાબંધ કેસો આવી રહ્યા છે. ટેસ્ટીંગ સેન્ટરો પર ભારે ભીડ જોવા મળી રહી છે. દવાખાનાઓમાં ક્યાંય જગ્યા નથી. ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. મૃત્યુઆંક પણ ખુબ ઉંચો છે. વડીલોની સાથોસાથ યુવાનો પણ કોરોનાના ખપ્પરમાં હોમાઈ રહ્યાં છે.

ચારેકોર ગભરાટનો માહોલ છે. શહેરમાં જાણે સન્નાટો છવાઈ ગયો છે. સતત ધબકતુ, રમતુ શહેર જાણે અચાનક જ સાવ શાંત બની ગયુ છે. ચિંતા, ગભરાટ અને ભયના માહોલ વચ્ચે હકારાત્મકતા જાળવવા માટે પ્રાર્થનાઓનો દોર શરૂ થયો છે. આધ્યાત્મિક બળ ટકાવી રાખવા માટે શહેરમાં ઠેર ઠેર વિશેષ પ્રાર્થનાઓ થઈ રહી છે. મંદિરો, મસ્જીદોમાં પ્રાર્થનાઓ કરવામાં આવી રહી છે. તો ઘણા વસાહતીઓ ઘરે રહીને પોતાના સ્વજનો, આત્મજનો માટે પ્રાર્થનાઓ કરી રહ્યાં છે. તુટતી આશા વચ્ચે હકારાત્મકતાનું વાતાવરણ સર્જવા માટેના પ્રયાસો થઈ રહ્યાં છે.

## જન્મદિને વધામણી



નરેશસિંહ એસ. ઠાકોર
મો. ૯૮૯૮૧૩૮૩૩૬

# ખ-૩ સર્કલ પાસે કારની ટક્કરે યુવતિનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

શહેરના ખ-૩ સર્કલ પાસે બપોરના સુમારે કાર-એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા પર સવાર બે માર્ગ પર પટકાઈ હતી. જેમાં યુવતિને સામાન્ય ઈજા પહોંચી હતી.જયારે બીજી યુવતિને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત ને તાત્કાલીક ખાનગી વાહન દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાઈ હતી.જયાં ફરજ પરના ડોકટર દ્વારા મૃત જાહેર કરાઈ હતી. બનાવ અંગે મૃતક યુવતિની બહેનની ફરીયાદ નોંધી પોલીસે ફરાર કાર ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના બાપુપુરા ગામની નિશલ સોનુભાઈ પરમાર (ઉં.૨૭) ચિલોડા સીઆરપીએફ કવાર્ટસ ખાતે નાની બહેન અને માતા સાથે રહેતી હતી. જયારે ભાઈ અને બહેન બંન્ને ઝારખંડ ખાતે નોકરી કરે છે. જેઓ હાલ રજા પર ગાંધીનગર ખાતે આવેલા છે. વાવોલ ખાતે મકાન લેવાનું હોવાથી નિશલ તેની નાની બહેન કાજલ એકટીવા પર નીકળ્યા હતા. જયારે ભાઈ અને માતા બીજા એકટીવા લઈને નીકળ્યા હતા. બપોરના પોણા એક વાગ્યાના અરસામાં ખ-૩ સર્કલ પસાર કરીને વાવોલ ગામ તરફ જતા માર્ગ ક્રોસ કરતા કાર ચાલકે એકટીવાને ટક્કર મારી હતી.જેમાં બંને બહેનો માર્ગ પર પટકાઈ હતી. આ બનાવમાં કાજલને સામાન્ય ઈજા પહોંચી હતી, જયારે નિશલને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. કાજલે અકસ્માત કરનાર કારનો નંબર જોયો હતો તે જી.જે.૦૨.બી.એચ.-૫૭૫૫ હતો. અકસ્માતને પગલે આગળ જતા ભાઈ અને માતા તાત્કાલીક પાછા વળી ગયા હતા. જેમાં યુવતિને ખાનગી વાહનમાં ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાઈ હતી. જયાં ડોકટર દ્વારા તપાસીને મૃત જાહેર કરાઈ હતી. પોલીસે પીએમ કરાવીને કાજલની ફરીયાદ નોંધી કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સીઆરપીએફ કવાર્ટર્સ ખાતે રહેતી યુવતિ ઈન્ફોસીટી ખાતે વીમા કંપની ખાતે ફરજ બજાવતી હોવાનું ધ્યાને આવ્યું છે.

# સરકારી કચેરીમાં પણ માસ્કનું ચેકીંગ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં કોરોના સંક્રમણના કેસ દિન પ્રતિદિન વધતા જાય છે. ત્યારે માસ્ક વિના ફરતા નાગરીકોને પોલીસ દ્વારા પાવતી આપવામાં આવે છે. ત્યારે પોલીસ તંત્રએ સરકારી કચેરીમાં પણ અચાનક માસ્કનું ચેકીંગ હાથ ધર્યુ હતું. ત્યારે ગાંધીનર શહેરના સેકટર-૧૦ પોલીસ આવાસ નિગમની કચેરી ખાતે ગતરોજ પોલીસ ત્રાટકી હતી અને અચાનક માસ્કનું ચેકીંગ હાથ ધર્યુ હતું. ત્યારે ગાંધીનગર પોલીસની આ કામગીરીને એડીશનલ ડીજી હસમુખ પટેલે ટવીટ કરીને બિરદાવી હતી.

કોરોનાની વૈશ્વિક મહામારીએ પાટનગરમાં અજગરી ભરડો લેતા હાહાકાર મચી ગયો છે. ત્યારે કોવીડના ગાઈડ લાઈનની અમલવારી માટે પોલીસ સક્રિય થઈ ગઈ છે. માસ્ક વિના ફરતા નાગરીકો સામે કડક તવાઈ આવી છે. નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરાય છે. તો બીજીતરફ શહેરમાં રાત્રીના ૮ થી સવારના ૮ કલાક દરમિયાન કર્ફયુમાં પણ નાકાબંધી કરી વાહન ચેકીંગની કામગીરી કરી કામ વિના બહાર નીકળતા નાગરીકો સામે કાયદાકીય પગલા લેવામાં આવે છે.

શહેરમાં માસ્ક વિના ફરતા નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરાય છે.ત્યારે પોલીસ તંત્ર દ્વારા પોલીસ આવાસ નિગમની કચેરી ખાતે જઈને માસ્કનું સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું. પોલીસની કચેરી ખાતે જ પોલીસ દ્વારા માસ્ક ચેકીંગની કાર્યવાહીને લઈ પોલીસ અધિકારીઓ અચંબામાં પડી ગયા હતા. પોલીસ આવાસ નિગમ કચેરી ખાતે સ્ટાફના તમામ અધિકારી-કર્મચારીઓ માસ્ક પહેરીને સોશ્યલ ડિસ્ટન્સ સાથે કામ કરતા જોવા મળ્યા હતા.

# કોરોનાને પગલે રાજકીય પક્ષોના હોદ્દેદારો અને કાર્યકરો વચ્ચે ઉંદર-બિલાડીની રમત

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં આમ તો કોરોના સંક્રમણને કારણે મહાનગરપાલિકાની ચૂંટણીઓ મોકુફ રાખી દેવામાં આવી છે પરંતુ આ ચૂંટણીઓ જ્યારે પણ યોજાશે ત્યારે જેટલેથી અટકી છે તેટલેથી જ આગળ પ્રક્રીયા હાથ ધરાશે જેના કારણે જે ઉમેદવારો ઉભા રહ્યાં છે તેઓ આ ઘટનાને એક તક તરીકે જોઈ રહ્યાં છે અને કોરોના સંક્રમણના સમયમાં પોતાના વોર્ડમાં મદદરૂપ થવાની નીતિ અપનાવી આડકતરો પ્રચાર કરી રહ્યાં છે. આ સાથે રાજકીય પક્ષો પણ કોરોના કાળમાં નાગરિકોને જરૂરી સેવા પુરી પાડી મતદારોની નજરમાં રહેવા પ્રયાસ કરી રહ્યાં છે પરંતુ અત્યારે રાજકીય પક્ષોના કાર્યકરો આ જોખમી સંક્રમણમાં મતદાતાઓની સેવા કરવામાં પોતે કોવિડના ભોગ ના બને તે ચિંતામાં હોવાથી પક્ષના આયોજનોથી દૂર રહેવા માંગે છે જેના કારણે પક્ષના હોદ્દેદારો અને કાર્યકરો વચ્ચે ચડભડના કિસ્સા થઈ રહ્યાં છે. કાર્યકરોને એક તરફ કોવિડ સંક્રમણનો ભોગ બનવાનો ડર સતાવી રહ્યો છે અને તેના કારણે તેમના પરિવારજનો પણ જાહેર પબ્લિકમાં જવું પડે તેવા કાર્યોથી દૂર રહેવા દબાણ કરી રહ્યાં છે, બીજી તરફ પક્ષના ઉમેદવારો સહિત હોદ્દેદારો સતત આ સમયે મતદારોને ઉકાળા વિતરણ, માસ્ક વિતરણ કે ટીફિન સેવા જેવા કાર્યો થકી મદદરૂપ થઈને આડકતરા પ્રચાર-પ્રસાર કરવાની તક ઝડપી મતદારોની નજરમાં રહેવા માંગે છે જે કાર્યકરો વગર શક્ય નથી જેથી હોદ્દેદારો અને કાર્યકરો વચ્ચે ક્યારેક શાબ્દિક ટપાટપી અથવા ફોન ઉપાડવા નહીં કે બહાના બાજી કરવા જેવી ઉંદર-બિલાડીની રમત ચાલતી જોવા મળી રહી છે.

# ગુજરાતના સુથાર સમાજના સૂત્રધારોની વરણી કરાઈ



ગાંધીનગર, તા. ૨૧

સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખાતે આવેલી સંસ્થા શ્રી સુથાર સમાજ ગુજરાતની રાજ્યસ્તરીય બેઠક તાજેતરમાં કોવિડ-૧૯ના ધારા-ધોરણ મુજબ મળી હતી. જેમાં હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી, ઉપપ્રમુખ નિખીલભાઈ ગજ્જર, ઉપપ્રમુખ દિનેશચંદ્ર સુથાર બોરસદ તથા મંત્રી તરીકે સંજય ગજ્જરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. રાજ્યસ્તરે બક્ષીપંચના લાભો તથા સરકારની વિવિધ યોજના અંગે તથા કેન્દ્રસ્તરે સફળ રજુઆતોને કારણે જ્ઞાતિનો કેન્દ્રીય ઓ.બી.સી.માં સમાવેશ થયો છે. કેન્દ્ર સરકારના ગેઝેટ સાથે સંયોગીક કાગળો પણ સંસ્થામાં ઉપલબ્ધ છે જે દ્વારા કેન્દ્રીય લાભો મેળવવા સમાજનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

## બોરીજ ખાતે જૈન સાધ્વીજી પૂ. પદ્મકીર્તિશ્રીજી કાળધર્મ પામ્યાં

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના બોરીજ મુકામે જૈન સમાજના વિશ્વમૈત્રી ધામ ખાતે શ્રીમદ બુદ્ધિસાગર સુરીશ્વરજી મહારાજાના સંપ્રદાયના વડીલ સાધ્વીજી પ.પૂ. પુણ્યપ્રભાશ્રીજી મહારાજ સાહેબના આયુષ્ય પર્યાય ૬૮ વર્ષ અને દીક્ષા પર્યાય ૫૦ વર્ષ ધરાવતા આજ્ઞાવર્તી શિષ્યા પ. પૂ. પદ્મકીર્તિશ્રીજી મહારાજ સાહેબ



આજરોજ ચૈત્ર સુદ ૯ તારીખ ૨૧ એપ્રિલ બુધવારે સવારે ૯:૪૫ વાગ્યે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં છે. પૂ.પદ્મકીર્તિશ્રીજીની પાલખી બપોરે ૩:૩૦ વાગ્યે વિશ્વમૈત્રી ધામ બોરીજ મુકામેથી નીકળી સેક્ટર ૩૦ સ્મશાન ગૃહ ખાતે લઈ જવામાં આવી હતી જ્યાં તેમની વિધિવિધાનપૂર્વક અંત્યેષ્ટિ સંપન્ન કરવામાં આવી હતી.

## ઉનાળાની બપોરે હિંચકે ઝુલતો આજનો ખેડૂત



ઉનાળાની ઋતુમાં ગ્રામ્ય સંસ્કૃતિમાં ખેતરે ગયેલો ખેડૂત બપોરે ''ભાત'' જમીને લીમડાંના મીઠા છાંયડે બે ઘડી અડખે પડખે થતો તેવી વાતો આપણે બાળપણમાં જરૂર સાંભળી હશે પરંતુ આજના યુગમાં શહેરી સંસ્કૃતિની નજીકના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂત પણ હવે મોર્ડન બન્યો છે, પાટનગર નજીકના એક ખેતરમાં ખેડૂતે ખેતરમાં જ મજાનો હિંચકો લગાડી દીધો છે અને બળબળતી બપોરે ભોજન કર્યા બાદ મોજથી વિશ્રામ કરવાનો અનેરો આનંદ માણી રહ્યો છે.

## પીળાં પુષ્પોથી આચ્છાદિત પાટનગરની નયનરમ્ય સુંદરતા..!!



એક તરફ ઉનાળાની ગરમી અને બીજી તરફ કોરોનાની ભયાનકતા... આ બંને વચ્ચે અત્યારે શહેરીજનો મુંઝાઈ રહ્યાં છે. આ સમયે શહેરમાં ગ્રીષ્મની ગરિમા મન મુકીને ખીલી ઉઠી છે. શહેરના પથિકાશ્રમ એસટી ડેપોના પાછળના ભાગેથી સેક્ટર-૧૧ના કોમર્શિયલ વિસ્તાર તરફ જવાના આંતરિક માર્ગે ખીલેલાં ગરમાળાના પીળાં પુષ્પોથી આચ્છાદિત આ માર્ગ સંતાપના આ સમયે મનને શીતળતા પ્રદાન કરે તેવી નયનરમ્ય સુંદરતા પ્રાપ્ત કરી ચુકયો છે જેની એક ઝલક માણવા જેવી ખરી..!

## ખૂણેખાંચરેથી

● એન.પી. પટેલ (વેસ્ટર્ન એગ્રો સીડ્ઝ) દ્વારા સવારે આયુર્વેદિક ઉકાળાનું જાહેર વિતરણ કરવામાં આવે છે.

● એક નિવૃત્ત અધિકારી દ્વારા સે. ૨ અને સે. ૮ ના વેક્સીનેશન સેન્ટર પર ફરજ બજાવતા કર્મયોગીઓ અને ફ્રન્ટ લાઈન વર્કરને ચા-કોફી અને બિસ્કીટની સેવા સવારે અને બપોરે આપે છે.

● જાણીતા રાજકીય વિશ્લેષક અને વરિષ્ઠ પત્રકાર તેમજ ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ હરિ દેસાઈ કોરોનાથી સંક્રમિત થયા છે.

● આજે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી થશે. ૨૨ એપ્રિલ ૧૯૭૦ થી પૃથ્વી પર પ્રદૂષણ ઘટાડવાની નેમ સાથે આ દિવસની ઉજવણીનો આરંભ કરવામાં આવ્યો હતો.

● આગામી ૧લી મે થી ૧૮ વર્ષથી ઉપરના તમામને કોરોના વેક્સીનેશનના મહા અભિયાનમાં આવરી લેવાના હોઈ તંત્ર દ્વારા તેનુ આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

● વિસનગરા નાગર સમાજના અગ્રણી પરિક્ષીત શાંતિલાલ જ્હાનું દુઃખદ અવસાન થયુ છે.

● નારદીપુર લંબે નારાયણ આશ્રમના મહંત વિવેકાનંદજી તીર્થ કોરોનાથી સંક્રમિત થયા છે.

● માણસા-કલોલ રોડ પર આવેલ તિરૂપતી શૉ મિલમાં આગ લાગતાં લાખોના નુકસાનનો અંદાજ છે. આગને બુઝાવવા ૬૦ હજાર લીટર પાણીનો ઉપયોગ કરાયો.

● મહેસુલ મંત્રીના કાર્યાલયમાં અધિક અંગત સચિવ તરીકે ફરજો બજાવતા આત્મારામભાઈ પટેલ (નવાપુરા)નું કોરોનાને લઈ દુઃખદ અવસાન થયુ છે.

● નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના કાર્યાલયમાં ફરજો બજાવતા અધિક અંગત સચિવ ઈશ્વરભાઈ પટેલ પણ કોરોનાથી સંક્રમિત થતાં હોમ આઈસોલેટ થયા છે.

● નર્મદા-જળસંપત્તિ વિભાગના ખાસ સચિવ કે.એ. પટેલ પણ કોરોનાથી સંક્રમિત થયા છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ દશરથભાઈ બેચરદાસ, ઉ.વ. ૭૦, દેલવાડા, માણસા
- સ્વ. વાઘેલા ભવાનજી મંગાજી, ઉ.વ. ૬૭, ઝુંડાલ
- સ્વ. રાઠોડ કૈલાસબા પ્રવિણસિંહ, ઉ.વ. ૬૫, સેક્ટર-૨૯
- સ્વ. સોની ચંદ્રિકાબેન ઈન્દ્રવદન, ઉ.વ. ૭૦, સેક્ટર-૭
- સ્વ. પરમાર મહેન્દ્રભાઈ શકરાભાઈ, ઉ.વ. ૬૧, સરગાસણ
- સ્વ. પરમાર અરવિંદભાઈ બબાભાઈ, ઉ.વ. ૬૧, કલોલ
- સ્વ. વાઘેલા ગીતાબા કનુસિંહ, ઉ.વ. ૬૩, સેક્ટર-૨૬
- સ્વ. રાઠોડ ત્રિવેલીબેન નારણભાઈ, ઉ.વ. ૫૩, સેક્ટર-૧૬
- સ્વ. શર્મા હરીશ , ઉ.વ. ૭૪, સેક્ટર-૪
- સ્વ. પટેલ મહેન્દ્રભાઈ મોહનભાઈ, ઉ.વ. ૬૩, સેક્ટર-૨૭
- સ્વ. પરમાર ધનજીભાઈ દેવાભાઈ, ઉ.વ. ૬૩, સેક્ટર-૭
- સ્વ. પરમાર સોમાભાઈ નાથાભાઈ, ઉ.વ. ૮૨, સેક્ટર-૨૧
- સ્વ. ઠાકર વિનોદકુમાર બાપુભાઈ, ઉ.વ. ૬૪, ઈડર
- સ્વ. શાહ સવિતાબેન બાલમુકુંદભાઈ, ઉ.વ. ૮૩, તલોદ
- સ્વ. ભરવાડ વેલભાઈ કરમણભાઈ, ઉ.વ. ૪૫, સેક્ટર-૧૪
- સ્વ. ધીમ્મર શાંતાબેન પ્રાણજીવનભાઈ, ઉ.વ. ૮૯, સેક્ટર-૨૨
- સ્વ. ચૌધરી જતનબેન વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૬૮, અમીનપુરા, દહેગામ
- સ્વ. ચૌહાણ રમેશભાઈ ડાહ્યાભાઈ, ઉ.વ. ૬૨, સેક્ટર-૨
- સ્વ. ગોર સુશીલાબેન નંદકિશોર, ઉ.વ. ૬૦, સેક્ટર-૧૩
- સ્વ. ત્રિવેદી અમૃતલાલ ગોવિંદરાય, ઉ.વ. ૯૩, સેક્ટર-૨૨
- સ્વ. પટેલ જશુભાઈ બબાભાઈ, ઉ.વ. ૬૬, કુડાસણ
- સ્વ. રાવલ હર્ષદરાય હરીપ્રસાદ, ઉ.વ. ૬૨, કુડાસણ
- સ્વ. દવે કિશોરલાલ ગોવિંદરાય, ઉ.વ. ૮૭, સેક્ટર-૧૩
- સ્વ. રાવળ ગાંડાભાઈ મેલાભાઈ, ઉ.વ. ૫૦, સેક્ટર-૧
- સ્વ. શર્મા વસંતભાઈ શંકરભાઈ, ઉ.વ. ૫૦, મોટી આદરજ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. શાહ ધર્મીષ્ઠાબેન વિનોદચંદ્ર, ઉ.વ. ૭૩, જીઈબી, સે.૩૦
- સ્વ. ચૌહાણ જમાનાબેન ભીમાભાઈ, ઉ.વ. ૮૫, સે.૧૪, ગોકુલપુરા
- સ્વ. ઠાકોર લીલાબેન રણછોડજી, ઉ.વ. ૬૦, સરગાસણ
- સ્વ. સોનેજી પદમાબેન જગદીશચંદ્ર, ઉ.વ. ૬૯, સેક્ટર-૩
- સ્વ. ચૌહાણ રેવાભાઈ ધનાભાઈ, ઉ.વ. ૭૪, સેક્ટર-૩
- સ્વ. પુજારા ધર્મીષ્ઠાબેન ઘનશ્યામભાઈ, ઉ.વ. ૭૧, સેક્ટર-૨૭
- સ્વ. ત્રિવેદી ગોમતીબેન બાબુલાલ, ઉ.વ. ૭૪, અડાલજ
- સ્વ. છરોલી ડાલચંદ લક્ષ્મીનારાયણ, ઉ.વ. ૭૯, કુડાસણ
- સ્વ. દાતણીયા યોગેશકુમાર રોહિતભાઈ, ઉ.વ. ૩૬, સેક્ટર-૪

# કાળમુખા કોરોનાએ એક જ સપ્તાહમાં એક દીકરીના સસરા, પિતા અને દાદા છીનવી લીધા..!!

**ગાંધીનગરના મહુડી રોડ પરના અલુવા ગામની પરિણીતાએ પહેલા સસરા ગુમાવ્યા પછી પોતાના પિતા ગુમાવ્યા : આ આઘાતમાં હવે તેના દાદા પણ અનંતની વાટે સીધાવી જતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ઘેરા શોકની કાલિમા**

ગાંધીનગર, તા.૨૧

કોરોના મહામારી વણકલ્પ્યાં દિવસો દેખાડી રહી છે અને આ કાળમુખા વાયરસે સમગ્ર સમાજને એવો ભરડો લીધો છે કે પરિવારોના પરિવારો ઉજડી રહ્યા છે. ચારેકોર જાણે મોતનું તાંડવ છવાયુ છે અને કોણ કોને સાંત્વના આપે તે સવાલ ખડો થઈ રહ્યો છે. ગાંધીનગરના મહુડી રોડ પરના અલુવા ખાતે કાશ્મીર વેલી સોસાયટીમાં રહેતા અને પાટનગરમાં વેડિંગ ફોટોગ્રાફીનું કામ કરતાં ફોટોગ્રાફર હિમાંશુ દવેએ કોરોનામાં પહેલા પોતાના પિતા પ્રભુદાસ ગુમાવ્યા અને પછી પોતાની પત્ની તૃપ્તિના પિતા મહેશભાઈને ગુમાવ્યા અને આટલું ઓછું હોય તેમ આ આઘાતમાં આજે તૃપ્તિએ હવે તેના દાદા મથુરાપ્રસાદ પણ ગુમાવ્યા છે. કોરોનાએ માણસને લાચાર બનાવી દીધો છે, પોતાનાં સ્વજન ગુમાવ્યા છતાં પરીવારજનો અંતિમ સમયે પોતાના સ્વજનોનો ચહેરો પણ જોઈ ના શકે તેવી નોબત આવી ગઈ છે. ગત તા. ૧૬મી એપ્રિલના રોજ હિમાંશુ દવેના પિતા એટલે કે તૃપ્તિના સસરા પ્રભુદાસ દવેનું કોરોનાનાં કારણે અવસાન થયું હતું. હજી સસરાની લૌકિક ક્રિયા પૂર્ણ પણ થઈ ન હતી અને તા. ૧૭મી એપ્રિલે વિસનગર ખાતે રહેતા તેના પિતા મહેશભાઈનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. તેમની સાથે તૃપ્તિના બે ભાઈઓ પણ સંક્રમિત થઈ ચૂક્યા હતા. જોકે દીકરીની સસરાની લૌકિક ક્રિયાઓ ચાલતી હોવાથી સમયની માંગ મુજબ તૃપ્તિને આ બાબતથી અજાણ રાખવામાં આવી હતી. આ સાથે તૃપ્તિના દાદા ૯૦ વર્ષીય મથુરાપ્રસાદ જે હયાત હતા તેઓ પોતાના ૬૦વર્ષીય પુત્ર મહેશભાઈ અને બે પૌત્રો કોરોનામાં સપડાયા હોવાથી ચિંતિત થઈ ગયા હતા. કોરોના પોઝીટીવ આવ્યા બાદ મહેશભાઈને મોઢામાં ચાંદા પડવાનું શરૂ થઈ ગયું હતું. જેની પ્રાથમિક સારવાર ઘરે શરૂ કરી બીજા દિવસે હોસ્પિટલમાં દાખલ થવાની તૈયારીઓ ચાલતી હતી. પરંતુ તેઓ બીજા દિવસે તા.૧૮મી એપ્રિલે હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ કાળમુખા કોરોનાએ તેમનો જીવ લઈ લીધો હતો. આ સમયે એવી સ્થિતિ સર્જાઈ કે મહેશભાઈના વયોવૃદ્ધ પિતા મથુરાપ્રસાદને તેમના પુત્રના અવસાનની વાત કેવી રીતે કરવી તે પ્રશ્ન હતો પરંતુ કાળજું કઠણ રાખીને પૌત્રોએ તેમને આ બનાવની જાણ કરી હતી. પોતાની હયાતીમાં પોતાના ૬૦વર્ષના પુત્ર મહેશભાઈના મોતના સમાચાર સાંભળી ૯૦વર્ષના મથુરા પ્રસાદના મોંઢામાંથી એક જ ઉદગાર નીકળ્યો કે ''મારા જીવનના આ અંતિમ પડાવમાં મારી જગ્યાએ ભગવાને મારા પુત્રને કેમ તેમની પાસે બોલાવી લીધો?'' આ તરફ અલુવા ખાતે પોતાની સાસરીમાં સસરા પ્રભુદાસની લૌકિક ક્રિયામાં વ્યસ્ત તૃપ્તિને તેના પિતા મહેશભાઈનાં અવસાનની જાણ નહીં કરવાનું પરિવારે મુનાસિબ માન્યું હતું અને મહેશ ભાઈની અંતિમવિધિ સંપન્ન થઈ ગયા પછી જ્યારે દીકરી તૃપ્તિને તેના પિતાના મોતની જાણ કરવામાં આવી ત્યારે તેના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ હતી. તૃપ્તિ પોતાના અંતિમ સમયે પિતાનો ચહેરો પણ જોઈ ના શકી તેમજ તેના બન્ને ભાઈઓ કોરોના સંક્રમિત હોવાથી તે પોતાના પિયર પણ જઈ શકી ન હતી. હજુ પણ જાણે કુદરતે આ પરિવારની વધુ આકરી પરીક્ષા લેવાનું નક્કી કર્યુ હોય એમ આજે પુત્ર મહેશભાઈના વિયોગમાં તૃપ્તિના દાદા મથુરાપ્રસાદે પણ અનંતની વાટ પકડી લેતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ઘેરા શોકની કાલિમા પ્રસરી વળવા પામી છે અને સૌ કોઈ મનોમન કાળમુખા કોરોનાના નામના છાજિયાં લઈ રહ્યા છે.

